# આરતી કંવર અને વિજય નેહરાને પ્રિન્સિપલ સેક્રેટરી તરીકે બઢતી

**નવા વર્ષની** આરંભે આઈએએસ અને આઈપીએસ અધિકારીઓને મળી બઢતીની ગીફ્ટ

ગાંધીનગર : રાજ્ય સરકારે નવા વર્ષના આરંભે સીનિયર આઈએએસ તથા આઈપીએસ અધિકારીઓને બઢતીની ગીફ્ટ આપી છે. જેમાં 14 આઈપીએસ અધિકારીઓને બઢતી આપવામાં આવી છે. જયારે 1996ની બેચના પાંચ પ્રિન્સિપલ સેક્રેટરી કક્ષાના આઈએએસ અધિકારીઓને અધિક ચીફ સેક્રેટરી તરીકે બઢતી અપાઈ છે. હજુ ગઈ રાત્રે જ રાજય સરકારે મહત્વનો આદેશ કરીને 1992ની બેચના સીનિયર આઈપીએસ ડો. કે. એલ. એન. રાવને રાજયના ડીજીપીનો ચાર્જ આપ્યો છે. વધુમાં રાજય સરકારે 2001 ની બેચના બે આઈએએસને પ્રિન્સિપલ સેક્રેટરી તરીકે બઢતી આપી છે. જેમાં આરતી કંવર અને વિજય નેહરાનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત 2010ની બેચના 7 સીનિયર આઈએએસને સુપર ટાઈમ સ્કેલ એટલે કે (લેવલ 14 પે મેટ્રિક્સ)માં બઢતી અપાઈ છે, જેમાં આનંદ પટેલ , સુજીત કુમાર , ડો નરેન્દ્ર કુમાર મીણા, બી એસ તલાટી , કે એલ બચાણી ( માહિતી કમિશનર ) તુષાર ભટ્ટ અને હાર્દિક શાહ ( પીએમ નરેન્દ્ર મોદીના પ્રાઈવેટ સેક્રેટરી) નો સમાવેશ થાય છે.

2013ની બેચના 13 આઈએએસને રાજય સરકારે સિલેક્શન ગ્રેડ - લેવલ 13 પે મેટ્રિક્સમાં બઢતી આપી છે. જેમાં સ્તુતી ચારણ, મનીષ કુમાર, ક્ષીપ્રા આગ્રે, અરૂણ મહેશ બાબુ, ડો હર્ષિત ગોસાવી, યોગેશ નિરગુડે, અમીત યાદવ , કે.એસ. વસાવા, આર. આર. ડામોર, આર. એમ. ડામોર , એન. વી. ઉપાધ્યાય, પી.બી. પંડયા અને પ્રજેશ કુમાર રાણાનો સમાવેશ થાય છે.

2017ની બેચના 12 આઈએએસને લેવલ 12 - પે મેટ્રિક્સમાં બઢતી આપી છે. જેમાં મનીષ ગુરવાણી, સ્વપ્નીલ ખરે, ગુરવ દિનેશ રમેશ ,મીરાંત પરીખ , ગંગાસિંગ , સુરભી ગૌતમ , ડો પ્રશાંત જીલોવા, મિલિન્દ બાપના, વિકલ્પ ભારદ્વાજ , એ બી પાંડોર , બી બી ચૌધરી અને બી સી પરમારનો સમાવેશ થાય છે.

અન્ય બીજા આદેશમાં રાજય સરકારે 2022ની બેચના 10 આઈએએસ ને (સીનિયર ટાઈમ સ્કેલ - લેવલ - 11 પે મેટ્રિક્સ )માં બઢતી આપી છે.

આ અધિકારીઓ હાલમાં રાજયમાં આસી. કલેકટર તરીકે ફરજ બજાવી રહયા છે. મહેક જૈન , પ્રતીભા દહિયા, વિદ્યાસાગર , વંદના મીણા, હિરેન બારોટ , રાજેશ કુમાર મોર્યા, સ્વપ્નીલ મહાદેવ સીસ્લે, ઓમકાર શીન્દે, લેફ કર્નલ અમોલ આવાટે (નિવૃત્ત) અને પ્રતીક જૈનને સમાવેશ થાય છે.

## બઢતી મેળવનારા અધિકારીઓ

- » મોના કે. ખંધાર (IAS): અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગમાં એડિશનલ ચીફ સેક્રેટરી તરીકે બઢતી
- » ડો. ટી. નટરાજન (IAS): નાણાં વિભાગમાં એડિશનલ ચીફ સેક્રેટરી તરીકે બઢતી
- » રાજીવ ટોપ્નો (IAS): આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગમાં એડિશનલ ચીફ સેક્રેટરી તરીકે બઢતી
- » મમતા વર્મા (IAS): ઉદ્યોગ અને ખાણ વિભાગમાં એડિશનલ ચીફ સેક્રેટરી તરીકે બઢતી
- » મુકેશ કુમાર (IAS): શિક્ષણ વિભાગ (ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ)માં એડિશનલ ચીફ સેક્રેટરી બઢતી

## DGP ગ્રેડમાં પ્રમોશન

- » નરસિમ્હા એન. કોમર: વડોદરા શહેરના પોલીસ કમિશનરને DGP ગ્રેડમાં બઢતી આપવામાં આવી છે. તેમની પોસ્ટને પણ અપગ્રેડ કરવામાં આવી છે.
- » ડો. પ્રફુલ કુમાર રોશન: એડિશનલ DGP (આર્મડ યુનિટ્સ, રાજકોટ)ને હવે DGP (આર્મડ યુનિટ્સ) તરીકે બઢતી અપાઈ છે.
- » ડો. એસ. પાંડિયા રાજકુમાર: એડિશનલ DGP (લો એન્ડ ઓર્ડર, ગાંધીનગર)ને DGP (લો એન્ડ ઓર્ડર) તરીકે પ્રમોશન મળ્યું છે.

## IGP ગ્રેડમાં પ્રમોશન

- » નીરજકુમાર બડગુજર: અમદાવાદ શહેર (સેક્ટર-1)ના એડિશનલ પોલીસ કમિશનરને પ્રમોશન આપી સંયુક્ત પોલીસ કમિશનર (JCP) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.
- » સેન્ટ્રલ ડેપ્યુટેશન પર રહેલા એમ.એસ. સારા રિઝવી, શોભા ભૂતડા અને પ્રદીપ શેજુળને પ્રોફોર્મા પ્રમોશન આપવામાં આવ્યાં છે.

## DIG ગ્રેડમાં પ્રમોશન

- » ડો. સુધીરકુમાર જે. દેસાઈ: એસ.પી. (ઇન્ટેલિજન્સ, ગાંધીનગર)થી DIG (ઇન્ટેલિજન્સ) તરીકે બઢતી.
- » શબલરામ મીણા: રાજ્યપાલના ADCને DIG ગ્રેડમાં બઢતી અપાઈ છે.
- » ડો. કરણરાજ વાઘેલા: DCP (ઇકોનોમિક વિંગ, સુરત)ને એડિશનલ પોલીસ કમિશનર તરીકે પ્રમોશન મળ્યું છે.
- » એસ.વી. પરમાર: કમાન્ડન્ટ (SRPF, મહેસાણા)ને DIG ગ્રેડમાં બઢતી.
- » એ.એમ. મુનિયા: કમાન્ડન્ટ (SRPF, ગોધરા)ને DIG ગ્રેડમાં બઢતી.

# સુરતથી વિરાર જવા હવે ટ્રેન બદલવી નહીં પડે

**પશ્ચિમ** રેલવેએ બે મેમુ ટ્રેનને મર્જ કરવાનો નિર્ણય લીધો, મુસફરોને ઝંઝટમાંથી મુક્તિ

સુરતઃ પશ્ચિમ રેલવેએ સુરત અને મુંબઈ ઉપનગરીય વિસ્તાર વચ્ચે મુસાફરી કરતાં મુસાફરો માટે સારા સમાચાર છે. મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલ્વેએ બે મેમુ ટ્રેનનું મર્જર કરવાનો નિર્ણય લીધો છે. આ નવી વ્યવસ્થા ૩ જાન્યુઆરી, ૨૦૨૬થી લાગુ પાડવામાં આવી છે. હાલની ટ્રેન નંબર ૬૯૧૪૩/૬૯૧૪૪ વિરાર-સંજાન-વિરાર મેમુ અને ટ્રેન નંબર ૬૯૧૪૧/૬૯૧૪૨ સંજાન-સુરત-સંજાન મેમુને મર્જ કરીને એક નવી સેવા શરૂ કરવામાં આવી રહી છે. આ ટ્રેનો ૬૯૧૪૧/૬૯૧૪૨ વિરાર-સુરત-વિરાર મેમુ તરીકે કાર્યરત થશે. આનાથી મુસાફરોને વારંવાર ટ્રેન બદલવાની ઝંઝટમાંથી રાહત મળશે.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેકના જણાવ્યા અનુસાર, 3 જાન્યુઆરી, 2026થી શરૂ થતી ટ્રેન નંબર 69141 વિરાર-સુરત મેમુ સવારે 5:15 વાગ્યે વિરારથી ઉપડશે અને સવારે 10:30 વાગ્યે સુરત પહોંચશે. પરત ફરતી વખતે, ટ્રેન નંબર 69142 સુરત-વિરાર MEMU સુરતથી સાંજે 5:30 વાગ્યે ઉપડશે અને રાત્રે 11:30 વાગ્યે વિરાર પહોંચશે. રેલવે અધિકારીઓના જણાવ્યા અનુસાર, MEMU સેવાઓના વિલીનીકરણથી મુસાફરી વધુ અનુકૂળ બનશે. મુસાફરોની વધતી સંખ્યા અને પ્રાદેશિક પરિવહન જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આ પગલું લેવામાં આવ્યું છે.

### અપડાઉન કરતા મુસાફરોને સીધો ફાયદો

સુરતઃ પશ્ચિમ રેલવેના આ નિર્ણયથી રોજિંદા મુસાફરોને, ખાસ કરીને સુરત, વાપી, વલસાડ, નવસારી અને સંજાણના મુસાફરોને સીધો ફાયદો થશે. ઔદ્યોગિક કામદારો, નાના વ્યવસાયો અને વિદ્યાર્થીઓ હવે ટ્રાન્સફર વિના સીધા મુસાફરી કરી શકશે.

# સુરતના આકાશ પટેલને નવસારી RTO તરીકે બઢતી

**17 સહાયક** RTOને RTO અને 41 ઇન્સ્પેક્ટરને ARTO તરીકે બઢતી અપાઈ

સુરતઃ બંદરો અને વાહન વ્યવહાર વિભાગ-ગાંધીનગર દ્વારા 17 સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી (આસિસ્ટન્ટ RTO)ની આરટીઓ પદે બઢતી આપવામાં આવી છે. જ્યારે 41 સિનિયર ઈન્સ્પેક્ટરને સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી (આસિસ્ટન્ટ RTO) તરીકે બઢતી આપવામાં આવી છે. સુરતના સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી (ARTO)ને પ્રમોશન આપી નવસારી આરટીઓ બનાવવામાં આવ્યા છે. બારડોલીના ARTO પ્રતીક લઠિયાને વલસાડ આરટીઓ તરીકે, વ્યારાના શૈશવ કનુભાઈ ગામીતને દાહોદ આરટીઓ તરીકે, ભરૂચના મિતેશ ભંગાળેને નડિયાદ આરટીઓ તરીકે, દાહોદના ચિંતન પટેલને બારડોલી આરટીઓ તરીકે બઢતી આપવામાં આવી છે.

41 સિનિયર ઈન્સ્પેક્ટરને આસિસ્ટન્ટ આરટીઓ (ARTO) તરીકે બઢતી આપવામાં આવી છે, એમાં સુરતના કૃણાલ પંચાલની ગોધરા ARTO તરીકે, બારડોલીના પાર્થ અશોક જોષીની પાલનપુર ARTO તરીકે બઢતી થઈ છે. સુરતના વિનોદ ચૌધરીની આણંદ, ગાંધીનગરના અંકિત શાહને સુરત, આણંદના નારણસિંહ સોલંકીને સુરત, નડિયાદના રવિન્દ્ર ચૌધરીને સુરત, બારડોલીના રવિ રાવલિયાની રાજકોટ, પાર્થ ગઢવીની ભરૂચથી ભુજ, મેહુલ ચૌધરીની વલસાડથી નવસારી, સુરતના સુભાષ ગામીતની વલસાડ, વ્યારાના મોહનીશ ચૌધરીની વલસાડ બઢતી સાથે બદલી કરવામાં આવી છે. અંજારના વિશાલ ચૌહાણને નવસારી, અમરેલીના પંકજ પઢિયારને ભરૂચ આસિસ્ટન્ટ આરટીઓ (ARTO) તરીકે બઢતી આપવામાં આવી છે.

### CBSE દ્વારા ધો.10-12ની પ્રેક્ટિકલ પરીક્ષાઓ માટે રિમાઈન્ડર જાહેર

# 14 ફેબ્રુ. સુધી પ્રેક્ટિકલ અને પ્રોજેક્ટ પૂર્ણ કરવા આદેશ

**રાષ્ટ્રીય**-આંતરરાષ્ટ્રીય સ્તરે રમતોમાં ભાગ લેતા વિદ્યાર્થીઓને પણ પ્રેક્ટિકલ, પ્રોજેક્ટ કે આંતરિક મૂલ્યાંકનમાંથી કોઈ છૂટ નહીં

સુરતઃ સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) દ્વારા ધોરણ 10 અને 12 માટે શૈક્ષણિક વર્ષ 2025-26ની વાર્ષિક પ્રેક્ટિકલ પરીક્ષા, પ્રોજેક્ટ અને આંતરિક મૂલ્યાંકન સંદર્ભે તમામ સંલગ્ન શાળાઓને મહત્ત્વપૂર્ણ રિમાઈન્ડર જાહેર કરવામાં આવ્યું છે.

CBSE દ્વારા અગાઉ 1 ડિસેમ્બર 2025ના પરિપત્રમાં સ્પષ્ટ કરાયું હતું કે ધોરણ 10 અને 12ની પ્રેક્ટિકલ પરીક્ષા, પ્રોજેક્ટ તથા આંતરિક મૂલ્યાંકન 1 જાન્યુઆરી 2026થી શરૂ થશે. હવે રિમાઈન્ડર દ્વારા શાળાઓને જરૂરી તૈયારીઓ પૂર્ણ કરવા માટે સૂચિત કરવામાં આવી છે. આ તમામ પરીક્ષાઓ 14 ફેબ્રુઆરી 2026 સુધીમાં પૂર્ણ કરવી ફરજિયાત રહેશે. CBSEએ તમામ શાળાઓને પ્રેક્ટિકલ પરીક્ષા માટે પૂરતી સંખ્યામાં ઉત્તરપત્રિકા પ્રાપ્ત થઈ છે કે નહીં તેની ખાતરી કરવા જણાવ્યું છે. કોઈ મુશ્કેલી હોય તો સંબંધિત પ્રાદેશિક કચેરીનો તાત્કાલિક સંપર્ક કરવા સૂચના આપવામાં આવી છે. ઉપરાંત પ્રયોગશાળાઓમાં જરૂરી સાધનસામગ્રી, ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને વ્યવસ્થા સંપૂર્ણ રીતે સજ્જ હોવી આવશ્યક હોવાનું બોર્ડે જણાવ્યું છે.

શાળાઓએ પ્રેક્ટિકલ, પ્રોજેક્ટ અને આંતરિક મૂલ્યાંકનના સમયપત્રક અંગે વિદ્યાર્થીઓ અને વાલીઓને અગાઉથી જાણ કરી દેવી પડશે.CBSEએ સ્પષ્ટ કર્યું છે કે રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સ્તરે રમતોમાં ભાગ લેતા વિદ્યાર્થીઓને પણ પ્રેક્ટિકલ, પ્રોજેક્ટ કે આંતરિક મૂલ્યાંકનમાંથી કોઈ છૂટ આપવામાં આવશે નહીં અને તેમના માટે અલગથી પ્રેક્ટિકલની વ્યવસ્થા પણ નહીં કરવામાં આવે.

## હોળીના દિવસે જ CBSEએ પરીક્ષા રાખી દીધી

સુરતઃ સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) દ્વારા ધોરણ 10 અને ધોરણ 12ની બોર્ડ પરીક્ષાની તારીખોમાં મહત્વનો ફેરફાર કરવામાં આવ્યો છે. ખાસ વાત એ છે કે 3 માર્ચ, 2026ના રોજ હોળીનો તહેવાર આવતો હોવા છતાં શરૂઆતમાં CBSE દ્વારા જાહેર કરાયેલા સમયપત્રકમાં આ બાબત ધ્યાનમાં લેવામાં આવી ન હતી. બાદમાં તહેવારની વ્યાપકતા અને વિદ્યાર્થીઓને થનારી અસુવિધા ધ્યાનમાં લઈ બોર્ડે આ દિવસની પરીક્ષાઓ અન્ય તારીખે ખસેડવાનો નિર્ણય લીધો છે. CBSE દ્વારા જાહેર કરાયેલા મૂળ ટાઈમટેબલ મુજબ 3 માર્ચ, 2026ના રોજ ધોરણ 10 અને 12ની કેટલીક મહત્વની વિષયોની પરીક્ષાઓ યોજાવાની હતી. પરંતુ આ તારીખે સમગ્ર દેશમાં રંગોનો મહોત્સવ હોળી ઉજવાતો હોવાથી વિદ્યાર્થીઓ, વાલીઓ અને શૈક્ષણિક વર્તુળોમાં ભારે ચર્ચા અને અસંતોષ જોવા મળ્યો હતો. આ મુદ્દો સામે આવતા બોર્ડે પોતાના નિર્ણય પર પુનર્વિચાર કર્યો હતો. ધોરણવાર નવી પરીક્ષા તારીખો જાહેર કરી છે. CBSE દ્વારા જારી કરાયેલા અધિકૃત જાહેરનામા મુજબ ધોરણ 10ની 3 માર્ચ, 2026ની પરીક્ષા હવે 11 માર્ચ, 2026ના રોજ યોજાશે. ધોરણ 12ની 3 માર્ચ, 2026ની પરીક્ષા હવે 10 એપ્રિલ, 2026ના રોજ લેવામાં આવશે. બોર્ડે સ્પષ્ટ કર્યું છે કે આ સિવાયની તમામ પરીક્ષાઓ તેમની મૂળ તારીખ મુજબ યથાવત રહેશે.

### CWSN વિદ્યાર્થીઓ માટે ખાસ વ્યવસ્થા કરવી

બોર્ડે ખાસ જરૂરિયાત ધરાવતા વિદ્યાર્થીઓ (CWSN) માટે યોગ્ય અને અનુકૂળ વ્યવસ્થા કરવા શાળાઓને આદેશ આપ્યો છે, જેથી તેઓ સરળતાથી પ્રેક્ટિકલ અને મૂલ્યાંકનમાં ભાગ લઈ શકે.

### ફેબ્રુઆરીથી પ્રિન્સિપાલો પર ખાસ જવાબદારી

1 ફેબ્રુઆરી 2026 બાદ શાળાના પ્રિન્સિપાલોએ ઉપપ્રિન્સિપાલ, કોઓર્ડિનેટર અને સંબંધિત શિક્ષકો સાથે સતત સંપર્કમાં રહી પ્રેક્ટિકલ પરીક્ષા અને માર્ક્સ અપલોડિંગની સ્થિતિની સમીક્ષા કરવાની રહેશે.

### શાળાઓને તાત્કાલિક જાણ કરવાની સૂચના

CBSEએ તમામ સંલગ્ન શાળાઓને આ ફેરફાર અંગે વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને તાત્કાલિક જાણ કરવાની સૂચના આપી છે, જેથી વિદ્યાર્થીઓ તહેવાર અને પરીક્ષાની તૈયારી બંને યોગ્ય રીતે કરી શકે. બોર્ડે વધુમાં જણાવ્યું છે કે પરીક્ષાની સુધારેલી તારીખોને અનુરૂપ ડેટશીટમાં જરૂરી ફેરફાર કરવામાં આવી રહ્યા છે અને તે મુજબ એડમિટ કાર્ડમાં પણ નવી તારીખો દર્શાવવામાં આવશે, જે સમયસર જાહેર કરાશે.

### બાહ્ય પરીક્ષક અંગે કડક નિયમો જાહેર

ધોરણ 12 માટે CBSE દ્વારા નિયુક્ત બાહ્ય પરીક્ષક સિવાય અન્ય કોઈપણ પરીક્ષક દ્વારા પ્રેક્ટિકલ લેવાશે નહીં. જો કોઈ શાળા CBSE દ્વારા નિમણૂક ન કરેલા બાહ્ય પરીક્ષક દ્વારા પ્રેક્ટિકલ લેતી પકડાશે, તો તે પરીક્ષા અમાન્ય ગણાશે. આવી સ્થિતિમાં બોર્ડને પ્રેક્ટિકલ પરીક્ષા રદ કરવાનો અધિકાર રહેશે.

### માર્ક્સ અપલોડમાં ભૂલ ચલાવાશે નહીં

CBSEએ સ્પષ્ટ કર્યું છે કે પ્રેક્ટિકલ, પ્રોજેક્ટ અને આંતરિક મૂલ્યાંકનના માર્ક્સ રોજે રોજ, એટલે કે જે દિવસે મૂલ્યાંકન થાય તે જ દિવસે ઓનલાઈન અપલોડ કરવાના રહેશે. એકવાર માર્ક્સ અપલોડ થયા પછી તેમાં કોઈ પણ પ્રકારનો સુધારો મંજૂર નહીં થાય. તેથી પ્રિન્સિપાલ, આંતરિક અને બાહ્ય પરીક્ષકોએ મહત્તમ માર્ક્સ ચકાસી, સંપૂર્ણ સાવચેતી સાથે માર્ક્સ અપલોડ કરવા રહેશે.

### સુરત જિલ્લામાં બોગસ રાશનકાર્ડ સામે કડક કાર્યવાહી

# પૂરવાની તપાસમાં 1.56 લાખ પૈકી 12,923 રેશનકાર્ડ રદ

**રાશનકાર્ડ** ધારકો દ્વારા કરચોરી, સરકારી સહાયના દુરુપયોગના કિસ્સા સામે આવ્યા

સુરતઃ સુરત જિલ્લામાં આશરે 1.56 લાખ રાશનકાર્ડ ધારકો ખોટી રીતે અનાજ મેળવતા હોવાની માહિતી રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવી હતી. જેની તપાસમાં જિલ્લા પુરવઠા વિભાગે કુલ 12,923 કાર્ડ અલગ અલગ કારણોસર રદ કર્યા છે.

સરકારના આદેશથી શંકાસ્પદ રાશનકાર્ડોની તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં જિલ્લામાં કુલ 1,56,604 રાશનકાર્ડ ધારકોને શંકાસ્પદ જાહેર કરવામાં આવ્યા હતા, જેમાં કુલ 3,19,492 સભ્યોનો સમાવેશ થતો હતો. સુરત જિલ્લા પુરવઠા વિભાગ દ્વારા તમામ કાર્ડધારકોની વિગતવાર ચકાસણી કરવામાં આવી હતી. પુરવઠા વિભાગની તપાસ દરમિયાન કુલ 12,923 રાશનકાર્ડ ધારકો બોગસ હોવાનું સામે આવતા તેમના રાશનકાર્ડ રદ કરી દેવામાં આવ્યા છે. તપાસમાં સામે આવ્યું કે આ કાર્ડધારકો સરકારી માપદંડો મુજબ રાશનકાર્ડ મેળવવા પાત્ર નહોતા, છતાં તેમણે રાશનકાર્ડ મેળવી સરકારી સહાયનો લાભ લીધો હતો.

પુરવઠા વિભાગના અધિકારીઓ જણાવ્યા મુજબ, આ કાર્યવાહીનો મુખ્ય હેતુ સરકારી સહાય માત્ર વાસ્તવમાં જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચે તે છે. આગામી સમયમાં પણ શંકાસ્પદ રાશનકાર્ડ સામે તપાસ અને કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે તેવી ચેતવણી આપવામાં આવી છે.

### શહેરમાં 4.03 લાખ એનએફએસએ રાશનકાર્ડ, 98.33 ટકા કેવાયસી પૂર્ણ

સુરત શહેરમાં હાલમાં કુલ 4,03,514 એનએફએસએ (NFSA) રાશનકાર્ડ ધારકો નોંધાયેલા છે. આ રાશનકાર્ડો મારફતે કુલ 16,58,587 લાભાર્થીઓને સરકારી અનાજનો લાભ મળી રહ્યો છે. પુરવઠા વિભાગ દ્વારા રાશનકાર્ડ સાથે જોડાયેલી કેવાયસી પ્રક્રિયામાં 98.33 ટકા કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. જેના કારણે બોગસ અને અયોગ્ય લાભાર્થીઓને ઓળખવામાં સહુલિયત મળી છે અને ભવિષ્યમાં ગેરરીતિઓ અટકાવવાનો માર્ગ ખુલ્યો છે.

# કનસાડ- સચિન- ઉન- આભવામાં રોડ વાઈડનિંગના 3 કરોડનાં કામોનું ખાતમુહૂર્ત



સુરતઃ આજે કનસાડ-સચિન-ઉન-આભવામાં વોક-વે, રોડ વાઈડનિંગના 3.09 કરોડના કામોનું ખાતમુહૂર્ત કરાયું હતું. ચોર્યાસી વિધાનસભાના ધારાસભ્ય સંદીપ દેસાઈના હસ્તે બે દિવસમાં 8.73 કરોડના કામોનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં. 79 (સુલતાનાબાદ-ભીમપોર)માં ભીમપોર બે ફંટાથી ડુમસ લંગર સુધીના માર્ગને નવી ડિઝાઈન મુજબ વાઈડનિંગ કરવામાં આવશે. આ કામ માટે અંદાજિત 2.96 કરોડનો ખર્ચ થશે. જ્યારે ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં. 80 (સુલતાનાબાદ-ભીમપોર)માં ડુમસ વોર્ડ ઓફિસથી હાઈમાસ ટાવર સુધીના માર્ગને પહોળો કરવા માટે 2.20 કરોડના ખર્ચે કામગીરી કરાશે. આ સાથે જ ડુમસ લંગરથી ડુમસ વોર્ડ ઓફિસ સુધીના માર્ગનું 49.73 લાખના ખર્ચે વાઈડનિંગ કરાશે. પહેલી જાન્યુઆરીએ સાઉથ ઝોન-બી (કનકપુર) દ્વારા અંદાજિત 3.06 કરોડથી વધુના ખર્ચે પાંચ વિકાસ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત કરાયું હતું.

### સુપ્રીમના ચુકાદા બાદ હોસ્ટેલોમાં માનસિક આરોગ્ય માટે કડક પગલાં

# હોસ્ટેલોમાં સાયકોલોજિસ્ટની ફરજિયાત નિમણૂક કરવી પડશે

**આત્મહત્યા** રોકવા માટે નોડલ અધિકારી દ્વારા જાગૃતિ કાર્યક્રમો યોજવા સૂચના

સુરતઃ વિદ્યાર્થીઓનું માનસિક સ્વાસ્થ્ય જળવાઈ રહે તે માટે અને આત્મહત્યા જેવી દુઃખદ ઘટનાઓને અટકાવવા માટે સુપ્રીમ કોર્ટમાં દાખલ થયેલી એસ.એલ.પી. ના ચુકાદાના અનુસંધાને રાજ્યભરમાં મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવી રહ્યા છે. આ ચુકાદા અંતર્ગત ગુજરાત રાજ્યમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના પ્રશ્નો અને તેના નિવારણ માટે નેશનલ ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે.

ઉચ્ચ શિક્ષણ કમિશનર તથા કમિશનર, શાળાઓની કચેરી ગાંધીનગરની સૂચનાના આધારે સુરત જિલ્લામાં કાર્યરત તમામ શિક્ષણ વિભાગ હસ્તકની હોસ્ટેલો માટે નવી માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. જિલ્લા શિક્ષણાધિકારી સુરત દ્વારા તમામ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને આ સૂચનાઓનું ચૂસ્ત પાલન કરવા આદેશ આપવામાં આવ્યો છે. નવી સૂચનાઓ મુજબ તમામ સરકારી તથા સંલગ્ન હોસ્ટેલોના નોટિસ બોર્ડ પર વિદ્યાર્થીઓ માટે ઉપયોગી એવી મહત્વની માહિતી સ્પષ્ટ રીતે પ્રદર્શિત કરવી ફરજિયાત રહેશે. જેમાં ટેલી-માનસ નંબર, તમામ ઈમરજન્સી સંપર્ક નંબરો, તેમજ ફ્રી મેન્ટલ હેલ્પલાઈન નંબર ૧૪૪૧૬નો સમાવેશ કરવો અનિવાર્ય રહેશે, જેથી કોઈ પણ વિદ્યાર્થી જરૂર સમયે તાત્કાલિક સહાય મેળવી શકે. દરેક હોસ્ટેલના નોટિસ બોર્ડ પર જિલ્લા કક્ષાએ નક્કી કરાયેલ રેફરલ હોસ્પિટલના ડોક્ટરોના નામ અને સંપર્ક નંબર પણ પ્રદર્શિત કરવાના રહેશે, જેથી ગંભીર સ્થિતિમાં તાત્કાલિક સારવાર સુલભ બની શકે.

વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યને વધુ મજબૂત બનાવવા માટે દરેક હોસ્ટેલમાં કાઉન્સેલર અથવા સાયકોલોજિસ્ટની નિમણૂક કરવી ફરજિયાત રહેશે. તેમને વિદ્યાર્થીઓની માનસિક સ્થિતિ ઓળખવા અને યોગ્ય માર્ગદર્શન આપવા માટે જરૂરી તાલીમ પણ આપવામાં આવશે.

### વોર્ડનને તાલીમ અને વિદ્યાર્થીઓ માટે ‘વિદ્યાર્થી મિત્ર’ની નિમણૂક

હોસ્ટેલમાં ફરજ બજાવતા વોર્ડન વિદ્યાર્થીઓ સાથે સંવેદનશીલ અને સહાનુભૂતિપૂર્ણ વર્તન કરી શકે તે માટે, જો અગાઉ તાલીમ લીધેલી ન હોય તો તાત્કાલિક તાલીમનું આયોજન કરવાનું રહેશે. આ ઉપરાંત, દરેક હોસ્ટેલમાં વિદ્યાર્થીઓની મદદ અને માર્ગદર્શન માટે એક “વિદ્યાર્થી મિત્ર”ની નિમણૂક કરવાની પણ સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે.

### નોડલ અધિકારીની નિમણૂક અને ત્રિમાસિક નિરીક્ષણ

આ સમગ્ર પ્રક્રિયાનું મોનીટરિંગ કરવા માટે જિલ્લા કચેરી કક્ષાએ નોડલ અધિકારીની નિમણૂક કરવાનું રહેશે. નોડલ અધિકારી દર ત્રણ મહિને સંસ્થાઓની મુલાકાત લઈ નિરીક્ષણ કરશે અને ફોટોગ્રાફ્સ સહિતનો સંકલિત અહેવાલ વર્ષના અંતે અત્રેની કચેરીને મોકલવાનો રહેશે. આત્મહત્યા જેવી ઘટનાઓ ન બને તે હેતુથી નોડલ અધિકારી દ્વારા સમયાંતરે હોસ્ટેલ અને શૈક્ષણિક સંસ્થાઓની મુલાકાત લેવામાં આવશે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

**દ. ગુ.માં...**

ઓછું છે. વહેલી સવારે હવામાં ભેજનું પ્રમાણ 91 ટકા જેટલું ઊંચું નોંધાયું છે. તેથી સવારથી વાતાવરણમાં ભેજ અને ધુમ્મસનો અનુભવ થયો છે. મહત્તમ તાપમાન ગઈકાલે 30 ડિગ્રી હતુ જે આજે ઘટીને 27.8 ડિગ્રી નોંધાયું છે. શહેરમાં આજે બપોરે 67 ટકા ભેજની સાથે 4 કિમીની ઝડપે ઉત્તર-ઉત્તર-પશ્ચિમનો પવન ફુંકાયો હતો. આજે સવારે વાતાવરણમાં એકાએક પલટો આવ્યો હતો. ખાસ કરીને હજીરા કાંઠાના ગામોમાં જોરદાર વરસાદી ઝાપટું પડ્યું હતું. રસ્તાઓ ભીના થઈ ગયા હતા. વાહનચાલકો ભિંજાઈ ગયા હતા. ભરશિયાળે આ અણધાર્યા વરસાદને પગલે કેરી, ચીકુ અને શિયાળુ પાકને મોટાપાયે નુકસાન થવાની ભીતિથી ખેડૂતોમાં ભારે ચિંતા વ્યાપી ગઈ છે.

**દક્ષિણ ગુજરાતમાં...**

નોંધાવવા પામ્યું છે.
હવામાન વિભાગે આગામી 24 કલાકમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરની આગાહી કરી છે. જેના કારણે સુરત, નવસારી, ડાંગ, તાપી, વલસાડ સહિત દક્ષિણ ગુજરાતમાં માવઠું થઈ શકે છે.

**થર્ટી ફર્સ્ટે...**

થર્ટી ફર્સ્ટની સવારથી ગુરુવારની સવાર સુધી સુરત સિટીના વિવિધ પોલીસ મથકો દ્વારા પ્રોહિબિશનના ગુનામાં ઝડપાયેલા લોકોનો આંકડો ૫૩૫ને પાર ગયો છે. આ તમામને મેડિકલ ટેસ્ટ માટે નવી સિવિલ હોસ્પિટલમાં ૨૯૫ અને સ્મીમેર હોસ્પિટલમાં ૨૪૦ લોકોને લવાયા હતા.

આ માત્ર આંકડો નથી, પરંતુ એ સાબિતી છે કે શહેરમાં દારૂ છુપાઈને નહીં, ખુલ્લેઆમ ફરતો હોવાની હકીકત સામે આવી છે. જો માત્ર એક રાતના આંકડા ચોંકાવનારા લાગે, તો છેલ્લા બે વર્ષનો રેકોર્ડ તો વધુ ગંભીર છે. વર્ષ ૨૦૨૪ અને ૨૦૨૫ નવી સિવિલ હોસ્પિટલમાં ૨૩,૧૦૨ અને સ્મીમેર હોસ્પિટલમાં ૨૬,૯૫૦ મળી કુલ ૫૦,૦૬૨ વ્યક્તિઓ ઝડપાયા છે. આ આંકડો સ્પષ્ટ કરે છે કે દારૂબંધીના કાયદા છતાં નશો ઘટ્યો નથી, પરંતુ કાયદાની અસર ઘટી છે.

પોલીસે નશાખોરોને પકડી લીધા, પરંતુ દારૂ ક્યાંથી આવ્યો? કોણ પહોંચાડે છે? કોણ રક્ષણ આપે છે? આ પ્રશ્નો હજુ સુધી જવાબ વિના છે. શહેરમાં વર્ષોથી ચર્ચા છે કે સુરતમાં દારૂ “મળતો નથી, પહોંચાડવામાં આવે છે. થર્ટી ફર્સ્ટની રાતે ઝડપાયેલા લોકો એ વાતને વધુ મજબૂત બનાવે છે કે દારૂ પહોંચાડનાર સેફ છે, માત્ર ગ્રાહક પકડાય છે.

**નવા વર્ષ...**

યર સેલિબ્રેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. મુંબઈથી આવેલી લેડી ડીજેએ પોતાના ધમાકેદાર મ્યુઝિકથી યુવાનોને ડોલાવી દીધા હતા. આધુનિક લાઇટિંગ, લેઝર શો અને સતત વાગતા ડીજે ટ્રેક્સને કારણે આખું વાતાવરણ ઉત્સવમય બની ગયું હતું. યુવાનો સાથે પરિવારજનો પણ નવા વર્ષના આનંદમાં જોડાયા હતા. પીપલોદ વિસ્તારમાંથી લઈ વાય જંક્શન તેમજ પાલ ગૌરવ પથ પર હજારો સુરતીઓ નવા વર્ષની ઉજવણી કરવા માટે ઊમટી પડ્યા હતા. ‘હેપ્પી ન્યૂ યર’ના નાદ ગૂંજી ઊઠ્યો હતો.

સુરતીઓએ 2025ને ગુડબાય અને નવા વર્ષ-2026નું ધમાકેદાર વેલકમ કર્યું હતું. નવા વર્ષની ઉજવણી સુરતીઓએ પોતાની આગવી અને અનોખી શૈલીમાં રસ્તાઓ પર ઊતરીને કરી હતી. ડીજે પાર્ટીમાં સુરતીલાલાઓ અલગ જ અંદાજમાં જોવા મળ્યા હતા. હીરા મોતી પાર્ટી પ્લોટ અને કર્મભૂમિ પાર્ટી પ્લોટમાં યુવાધન હિલોળે ચડ્યું હતું. 12 વાગતાની સાથે જ ફટાકડાની રોશનીથી સુરતની ‘સૂરત’માં ચાર ચાંદ લાગી ગયા હતા.

હજારોની સંખ્યામાં લોકોએ ડુમસ રોડ, વેસુ અને અડાજણ જેવા વિસ્તારોમાં એકઠા થઈને આતશબાજી, સંગીતના તાલે ગરબા અને મોડી રાત સુધી ખાણીપીણીની લિજ્જત માણી નવા વર્ષને ઉત્સાહભેર વધાવ્યું હતું. ખાસ કરીને યુવાધને રસ્તાઓ પર ભવ્ય ઉજવણી કરી હતી.

સુરત પોલીસ પણ લોકોની સુરક્ષાને લઈ ખડેપગે જોવા મળી હતી. વાહન ચેકિંગ દરમિયાન એક યુવક નશામાં હોવાનું સામે આવતાં પોલીસે તેની અટકાયત કરી હતી. કોઈ દુર્ઘટના વગર સુરતમાં 31STની શાનદાર ઉજવણી થઈ હતી.

**ખારવા મહોલ્લામાંથી...**

તપાસ કરતાં મોંઢામાંથી દારુની તિવ્ર વાસ આવતી હતી તેમજ તેમની આંખો પણ લાલચોળ હતી. આ તમામે નશો કર્યો હોવાનું સ્પષ્ટ થતાં તેમની ધરપકડ કરી હતી. આ ચાર પૈકી બે શખ્સો સ્વિમિંગ કોચ તરીકે કામ કરતા હતા. પોલીસે સ્વિમિંગ કોચ ભદ્રેશ સુરેશભાઈ મહેતા (ઉં.વ. 35, રહે. ખારવા મહોલ્લો, નાનપુરા) અને સ્વિમિંગ કોચ કલ્પેશ નટવરભાઈ સારંગ (ઉં.વ. 47, રહે. ખારવા મહોલ્લો, નાનપુરા) સામે કાર્યવાહી કરી હતી. આ બંને સાથે તેમના મિત્રો ભાર્ગવ સારંગ અને અલ્પેશ ભગવાગર પણ નશામાં ચૂર હાલતમાં મળી આવ્યા હતા.અઠવા પોલીસે ચારેય સામે ગુજરાત પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે જણાવ્યું હતું કે જાહેર સ્થળે દારૂ પીધેલી હાલતમાં ફરવું તેમજ શાંતિ ભંગ થવાની સંભાવના હોવાને કારણે તરત કાર્યવાહી કરવામાં આવી છે.

**શોર્ટસર્કિટથી લાગેલી...**

માધવજી લખોટીયા નામના વેપારી દ્વારા ભાડે લેવામાં આવ્યો છે. ફ્લેટમાં માધવજી લખોટીયાની સાથે તેમની પત્ની, માતા-પિતા અને એક પુત્ર રહે છે. ફ્લેટમાં ઉપરાંત રસોઈ બનાવવા માટે કુક, તેનો હેલ્પર તેમજ સફાઈ કામદાર પણ રહે છે. ગઈકાલે લખોટીયા પરિવાર 31 ફર્સ્ટની ઉજવણી માટે બહારગામ ગયો હતો ત્યારે મોડી રાત્રે શોર્ટ સર્કિટને કારણે લાગી હતી. દિવસે ફ્લેટમાં ફર્નિચરનું કામ ચાલી રહ્યું હતું. પરંતુ રાત્રે સાડા દસ વાગ્યાના સુમારે અચાનક થયેલા શોર્ટસર્કિટને કારણે આગ અચાનક વિકરાળ બની હતી અને જોતજોતામાં આખા ફ્લેટને પોતાની ઝપેટમાં લઈ લીધો હતો. ઘટનાની જાણ થતાં ફાયરે દોડી જઈને આગને કાબુમાં લીધી હતી પરંતુ ત્યાં સુધીમાં બે કરોડની કિંમતનો આ ફ્લેટ બળી ગયો હતો.

**આગને કાબુમાં...**

ઓક્સિજન માસ્ક પહેરીને અંદર પ્રવેશ કર્યો હતો. સતત પાણીનો મારો ચલાવીને અંદાજે અઢી કલાકની ભારે જહેમત બાદ મોડી રાત્રે 1.23 વાગ્યે આગ પર સંપૂર્ણ કાબુ મેળવી લેવામાં આવતા સૌએ હાશકારો અનુભવ્યો હતો.

**માલિકનો પરિવાર...**

હતા. અચાનક શોર્ટસર્કિટને કારણે આગ લાગતાં અમે બુમાબુમ કરી હતી અને ફાયરને જાણ કરી હતી. બાદમાં ફાયરે આગને કાબુમાં લીધી હતી.

**વરાછામાં ભારેખમ...**

બાંધવામાં આવેલો પટ્ટો અચાનક છટકી જતાં ભારે તિજોરી સીધી પ્રેમનાથ ઉપર પડતાં તેઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી. દુર્ઘટના બાદ સહકર્મીઓ દ્વારા પ્રેમનાથને તાત્કાલિક સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે ત્યાં ફરજ પરના તબીબોએ તપાસ બાદ તેમને મૃત જાહેર કર્યા હતા.

**જંબુસરમાં રખડતા...**

ગયો છે.

સ્થાનિક રહીશોનું કહેવું છે કે, રખડતાં શ્વાનોના કારણે બાળકોને ઘરની બહાર મોકલવામાં પણ ડર લાગે છે. ગમે ત્યારે શ્વાન હુમલો કરી બચકું ભરી દેશે તેવી ભીતિ વચ્ચે લોકો રોજિંદી જિંદગી જીવવા મજબૂર બન્યાં છે. અનેક વખત રખડતા શ્વાનોને પકડવા માટે જંબુસર પાલિકાને રજૂઆતો કરવામાં આવી હોવા છતાં તંત્રના કાને આજદિન સુધી કોઈ રજૂઆત પહોંચતી ન હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. પરિણામે પાલિકાની બેદરકારી સામે લોકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે.

આ મામલે જાગૃત નાગરીક શાકિર હુસેને કલેક્ટર તથા જંબુસર પાલિકાને લેખિત રજૂઆત કરી ગંભીર મુદ્દો ઉઠાવ્યો છે.

રજૂઆતમાં જણાવાયું છે કે, જંબુસર શહેરી વિસ્તારમાં કસ્બા સ્ટ્રીટ અને લાલ કુંભારવાડ વિસ્તારમાં નાનાં બાળકો પર શ્વાન દ્વારા કરવામાં આવેલા હુમલા અત્યંત ચિંતાજનક છે. સુપ્રીમ કોર્ટ દ્વારા રખડતાં શ્વાનો મુદ્દે કડક આદેશો આપવામાં આવ્યા હોવા છતાં તંત્ર હજુ પણ આ મામલે ઉદાસીનતા દાખવતી હોવાના આક્ષેપ કરવામાં આવ્યો છે.

**લિંબાયતમાં મહિલાની...**

આ હુમલામાં તેમની જમણા હાથની પહેલી આંગળી નખથી પહેલા વેઢા સુધી કપાઈ ગઈ, જેથી ભારે લોહી વહી નીકળ્યું અને તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. હુમલા બાદ ચારેય આરોપીઓ ઘટના સ્થળેથી ભાગી ગયા હતા. રોહીત ઉર્ફે ચારલાખે ભારતીબેનને ધમકી આપી કે, “આવતી કાલે ફરી આવીશું અને ફરી રોકશો તો તને અને તારા બાળકોને ખતમ કરી દઈશું.”.

ઘટનાની જાણ થતાં લિંબાયત પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. ભારતીબેનની ફરિયાદના આધારે ચાર શખ્સ સામે હુમલો, ગંભીર ઈજા અને ધમકીનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરવામાં આવી છે. પોલીસ આરોપીઓની શોધખોળ હાથ ધરી રહી છે.